**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**પ્રથમ સત્ર**
**મંગળવાર, તા.૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨**
**(પહેલી બેઠક)**

**(સભાગૃહની બેઠકની શરૂઆત વંદેમાતરમ્ સંગીતની ધૂન વગાડી કરવામાં આવી)**

માનનીય કાર્યકારી અધ્યક્ષશ્રી યોગેશ પટેલ (રાજયપાલશ્રીએ બંધારણની કલમ–૧૮૦(૧) અન્વયે કાર્યકારી અધ્યક્ષ તરીકે સભ્યશ્રી યોગેશ પટેલની નિમણૂક કરી હતી) અધ્યક્ષસ્થાને

**સભાગૃહની પ્રથમ બેઠક સવારના ૧૦–૦૦ વાગ્યે શરૂ થઇ.**

**૧. અધ્યક્ષશ્રીની ચૂંટણી**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વિધાનસભાના નિયમોના નિયમ–૧૦(૧) અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે –

''આ સભાગૃહના સભ્ય શ્રી શંકરભાઇ ચૌધરીને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.''

સંસદીય બાબતોના મંત્રીશ્રી ૠષિકેશભાઇ પટેલે પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો. શ્રી શંકરભાઇ ચૌધરીની અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી થઇ.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ૠષિકેશભાઇ પટેલ, વિરોધ પક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર અને મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલ નવા વરાયેલા અધ્યક્ષશ્રીને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીએ અધ્યક્ષસ્થાન લીધું.

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, સંસદીય બાબતોના મંત્રીશ્રી ૠષિકેશભાઇ પટેલ, વિરોધ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમાર, સભ્ય શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, સભ્યશ્રી રમણલાલ વોરા, વિરોધ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા અને અપક્ષ સભ્યશ્રી માવજીભાઇ દેસાઇએ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપતા પ્રવચનો કર્યા.

ત્યારબાદ નવા વરાયેલા અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરીએ સભાગૃહનો આભાર માનતું પ્રવચન કર્યું.

**૨. ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી**

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,

''આ સભાગૃહના સભ્યશ્રી જેઠાભાઇ ભરવાડને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે''

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રસ્તાવને અનુમોદન આપ્યું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી જેઠાભાઇ ભરવાડને ગૃહના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર કર્યા.

માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડે પોતાનું સ્થાન લીધું.

**પહેલી બેઠક બપોરના ૧૧–૦૩ વાગ્યે પૂરી થઇ.**

**બીજી બેઠક**

**બપોરના ૧૨–૦૦**

નામદાર રાજ્યપાલશ્રી (શ્રી આચાર્ય દેવવ્રતે ) બપોરના ૧૨–૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

**રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ બપોરના ૧૨–૩૫ વાગ્યે સભાગૃહની બીજી બેઠક મળી.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીએ સભ્યશ્રી અભેસિંહ તડવીના ટેકાથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

**૩. શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મધુભાઇ હરજીભાઇ ભુવાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યા અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ વિરોધ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, સભ્યશ્રી હીરાભાઇ સોલંકીએ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક–૩–સન ૨૦૨૨નો ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**૫. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા અને નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૮, અને ૨૩ તથા અગિયારમાં સત્રમાં પસાર કરેલા અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક–૧૦, ૧૧, ૧૩,૧૪ અને ૧૫ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૬. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી, સભ્યશ્રી અભેસિંહ તડવીના અનુમોદનથી આજરોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પૂર્ણેશ મોદી ( પ્રવચન અધૂરું )

**૭. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા અંગે અને સભાત્યાગ**

માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી અંદાજપત્ર ઉપરની ચર્ચા કરી રહ્યા હતા તે સમયે રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની કોપી ન મળવા અંગે અને એના ઉપર બોલવાનું છે એવું અગાઉથી ઇન્ટીમેટ કરેલું ન હોવા અંગેનો અને આભાર પ્રસ્તાવ પર ચર્ચા કરવા અંગે અમારા પક્ષના સભ્યોના પણ નામ મંગાવવાના હોય છે, જે ન મંગાવીને નિયમોનો ભંગ કરવા બાબતનો માનનીય વિરોધ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આ અંગેની કોપી બધા સભ્યશ્રીઓના ખાનામાં આપી દીધી હોઇ તેમજ પૂર્વ અધ્યક્ષશ્રી રાઘવજીભાઇ લેઉવાએ પણ નિર્ણય આપેલ હતો તેમ જણાવી માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ જેટલો મોડો રજૂ થાય તે અયોગ્ય છે અને ભૂતકાળની અંદર પણ એના એ જ દિવસે ચર્ચા થયેલી છે તેમ જણાવ્યું.

વિરોધ પક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે કામકાજ સલાહકાર સમિતિની નિમણૂક થઇ નથી કે આની ચર્ચા કરવા અમારા કોઇપણ સિનિયર સભ્યશ્રી સાથે ચર્ચા થઇ નથી તેવું મંતવ્ય વ્યક્ત કરતા, તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે કામકાજ સલાહકાર સમિતિ માટેના નામ આપની પાસેથી અને

માનનીય ગૃહના નેતાશ્રી પાસેથી આજે જ મંગાવું છું તેમ જણાવી અને એડવાઇઝરી કમિટી વગર પણ તમે નામ નક્કી કરીને મને આપો, જે નામ આપશો એ બોલવા માટે હું એપ્રુવ કરું છું તેમ જણાવી, કામકાજ સલાહકાર સમિતિની રચના નથી થઇ તો પછી ઓર્ડર ઓફ ડે આવી ગયેલ હોવાથી તેને અનુસરવાનું કહ્યું. તેના અનુસંધાને અધ્યક્ષશ્રીના નિર્ણય સામે નારાજગી બતાવી સભાગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૮. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ક્રમશ)**

ત્યારબાદ સભ્યશ્રી પૂર્ણેશ મોદીએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી અભેસિંહ તડવી
(૩) શ્રી શંભુપ્રસાદ ટુંડિયા
(૪) શ્રી ચૈતર વસાવા
(૫) શ્રી ધવલસિંહ ઝાલા
(૬) શ્રી મહેશ કસવાલા
(૭) શ્રી ઋષિકેશભાઇ પટેલ(સંસદીય બાબતોના મંત્રી)

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૯. સરકારી વિધેયક**

માનનીય શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૨૨નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**૧૦. અધ્યક્ષશ્રીની જાહેરાત**

સચિવાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ વિવિધ સંસદીય પ્રકાશનોનું વિતરણ વિધાનસભા, સચિવાલયના બીજા માળે આવેલ ટેબલ શાખા રૂમ નં. ૨૧૦માં થાય છે, જેથી જે ધારાસભ્યશ્રીઓએ પ્રકાશનો મેળવ્યા ન હોય તે મેળવી લેવાની જાહેરાત કરી.

**( વિરામ બપોરના ૨–૩૪ થી ૩–૦૦ )**

**૧૧. સરકારી વિધેયક (ક્રમશ)**

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) ડો.તુષાર ચૌધરી
(૩) શ્રી કેયુર રોકડિયા
(૪) ડો.સી.જે.ચાવડા
(૫) શ્રી અમિત શાહ
(૬) શ્રી શૈલેષ પરમાર
(૭) શ્રી પ્રવિણભાઇ માળી
(૮) શ્રી અમિત ચાવડા
(૯) શ્રી ભરતભાઇ પટેલ
(૧૦) ડો.કિરીટકુમાર પટેલ

**૧૨. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ વિધેયક ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાની જાહેરાત કરી.

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

**૧૩. સરકારી વિધેયક (ક્રમશ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) શ્રી નરેશભાઇ પટેલ

(૧૨) શ્રી ઇમરાન ખેડાવાલા

(૧૩) શ્રીમતી ગેનીબેન ઠાકોર

(૧૪) ડો. દર્શિતાબેન શાહ

(૧૫) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

ચર્ચાનો જવાબ શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૨૦ , કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૨૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૪. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૫–૪૫ વાગ્યે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) અન્વયે હું સભાગૃહની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી.

ત્યારબાદ " વંદેમાતરમ " રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર,
તા.૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

ડી.એમ.પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા